P.07

નિક્કીએ અરબાઝને ચેતવણી પણ આપી હતી કે ધનશ્રી તેની સાથે છેતરપિંડી કરી રહી છે



# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૬૬ । વિક્રમ સંવત ૨૦૮૧ : આસો સુદ ૧૫ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 66 • Dt.07-10-2025 Tuesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

P.07

સારા અલી ખાને પહેલી વાર ઇબ્રાહિમ સાથે રેમ્પ વોક કર્યું, ભાઈએ બહેન પર પ્રેમ વરસાવ્યો





હમાસે ડોનાલ્ડ ટ્રમ્પના અલ્ટીમેટમ સામે ઝૂક્યું! ગાઝા પરનો કાબૂ છોડી દેશે 07





07
OCTOBER- 2025
TUESDAY





07 દાર્જિલિંગમાં વરસાદે ભારે તબાહી મચાવી । ભૂસ્ખલનમાં ૨૦ લોકોના મોત


**૧૪.૨૦ લાખ મુસાફરોએ મુસાફરી કરી**

### મેટ્રોને કુલ ૧.૭૫ કરોડ રૂપિયાની આવક થઈ છે, જે અત્યાર સુધીનો સૌથી મોટો નવરાત્રિ સીઝનનો આંકડો ગણાય છે

# ગુજરાતમાં અમદાવાદ મેટ્રોને નવરાત્રિમાં થઈ ટોચની કમાણી

### સામાન્ય રીતે મેટ્રો સેવા રાત્રે ૧૦ વાગ્યે બંધ થાય છે, પરંતુ નવરાત્રિ દરમિયાન લોકોની સુવિધા માટે મેટ્રો રાત્રિના બે વાગ્યા સુધી દોડાવવામાં આવી । નિર્ણયને કારણે મોટી સંખ્યામાં ગરબા પ્રેમીઓએ રાત્રિના અંત સુધી મેટ્રોનો ઉપયોગ કર્યો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૬ ।

અમદાવાદ શહેરમાં આ વર્ષની નવરાત્રિ ખાસ રહી. શહેરના ગરબા મેદાનોમાં લોકોની ભીડ સાથેસાથે, અમદાવાદ મેટ્રો રેલે પણ આ તહેવાર દરમિયાન રાત્રિના પ્રવાસ માટે લોકોએ સૌથી વધુ પસંદગી આપી. ૨૨ સપ્ટેમ્બરથી ૧ ઑક્ટોબર દરમિયાન ફક્ત દસ દિવસમાં જ ૧૪.૨૦ લાખ મુસાફરોએ મેટ્રોમાં મુસાફરી કરી. આ સાથે મેટ્રોને કુલ ૧.૭૫ કરોડ રૂપિયાની આવક થઈ છે, જે અત્યાર સુધીનો સૌથી મોટો નવરાત્રિ સીઝનનો આંકડો ગણાય છે.અમદાવાદ મેટ્રો રેલ કોર્પોરેશન મુજબ, નવરાત્રિના દિવસોમાં લોકો માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. સામાન્ય રીતે મેટ્રો સેવા રાત્રે ૧૦ વાગ્યે બંધ થાય છે, પરંતુ નવરાત્રિ દરમિયાન લોકોની સુવિધા માટે મેટ્રો રાત્રિના બે વાગ્યા સુધી દોડાવવામાં આવી. આ નિર્ણયને કારણે મોટી સંખ્યામાં ગરબા પ્રેમીઓએ રાત્રિના અંત સુધી મેટ્રોનો ઉપયોગ કર્યો.ગરબા મેદાનોની આસપાસ આવેલા મેટ્રો સ્ટેશનો જેવા કે એલિસબ્રિજ, મણિનગર, ગુજરાત યુનિવર્સિટી, વસ્ત્રાપુર અને થલતેજ સ્ટેશનો પર મુસાફરોની ભીડ નોંધાઈ. ખાસ કરીને રાત્રિના ૧૧ થી ૧ વાગ્યા દરમિયાન દરેક ટ્રેનમાં બેઠકો ખચાખચ ભરાઈ જતી હતી. ઘણા મુસાફરો માટે મેટ્રો સુરક્ષિત અને ઝડપી વિકલ્પ સાબિત થઈ.મેટ્રો અધિકારીઓના જણાવ્યા મુજબ, નવરાત્રિ દરમિયાન રોજ સરેરાશ ૧.૪૨ લાખ મુસાફરોએ મેટ્રોમાં મુસાફરી કરી. સામાન્ય દિવસોની તુલનાએ આ આંકડો બમણો રહ્યો.



દરરોજ સરેરાશ ૧૭ થી ૧૮ લાખ રૂપિયાની આવક નોંધાઈ, જે મેટ્રો માટે નોંધપાત્ર સિદ્ધિ ગણાય છે.સુરક્ષાની દ્રષ્ટિએ પણ મેટ્રો પ્રશાસન સતર્ક રહ્યું. દરેક સ્ટેશને વધારાના સુરક્ષા કર્મચારીઓ તૈનાત કરાયા હતા. મહિલા મુસાફરોની સલામતી માટે અલગ હેલ્પડેસ્ક,સીસીટીવી મોનિટરિંગ અને પોલીસ પેટ્રોલિંગ જેવી વ્યવસ્થાઓ અમલમાં મુકાઈ.જીએમઆરસીના સીઈઓએ જણાવ્યું કે, ‘‘અમને આનંદ છે કે અમદાવાદીઓએ મેટ્રો પર વિશ્વાસ મૂક્યો અને તેને તહેવારનો ભાગ બનાવી દીધો. આ અનુભવ શહેરની આધુનિક પરિવહન સંસ્કૃતિને આગળ વધારશે.’’નવરાત્રિ દરમિયાન ઘણા ગરબા આયોજકોએ પણ મેટ્રો સ્ટેશનો પાસેના મેદાનોને પસંદ કર્યા. તેનાં પરિણામે મુસાફરોને પાર્કિંગની મુશ્કેલીથી રાહત મળી.

### ગુજરાતમાં ક્ષેત્રીય વિકાસને વેગ આપવો, નવી રોકાણની તકો શોધવી અને આંતરરાષ્ટ્રીય સહકાર વધારવો છે

# મહેસાણા શહેર ૯ અને ૧૦ ઓક્ટોબરના રોજ વાયબ્રન્ટ ગુજરાત રીજનલ સમિટની પ્રથમ કોન્ફરન્સનું યજમાન બનશે

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા૬ ।

મહેસાણા શહેર ૯ અને ૧૦ ઓક્ટોબરના રોજ વાયબ્રન્ટ ગુજરાત રીજનલ સમિટની પ્રથમ કોન્ફરન્સનું યજમાન બનશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમિટનું ઉદ્ઘાટન કરશે. આ મહત્ત્વપૂર્ણ સમિટમાં અનેક આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિમંડળો અને ઉદ્યોગ જગતના આગેવાનો ભાગ લેશે. જાપાન, દક્ષિણ કોરિયા, વિયેતનામ અને નેધરલેન્ડ જેવા દેશો તેમના પ્રતિનિધિઓને સમિટમાં મોકલવાના છે, જે ગુજરાતના ઉદ્યોગ અને વિકાસમાં વિશ્વ વ્યાપી રસનો સંકેત આપે છે.આ રીજનલ સમિટનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતમાં ક્ષેત્રીય વિકાસને વેગ આપવો, નવી રોકાણની તકો શોધવી અને આંતરરાષ્ટ્રીય સહકાર વધારવો છે.

સમિટ દરમિયાન બીટુબી મીટિંગ્સ, પેનલ ચર્ચાઓ અને વિશિષ્ટ સેક્ટર પર પ્રેઝન્ટેશન્સ યોજાશે, જે દેશી અને વિદેશી રોકાણકારો વચ્ચે સહકારનું મંચ પૂરું પાડશે. આ સમિટ મહેસાણામાં રાખવાનું કારણ એ છે કે મહેસાણા હવે કૃષિ, ડેરી અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં ગુજરાતના વિકાસનું એક મહત્વપૂર્ણ કેન્દ્ર બની રહ્યું છે.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના આયોજન પૂર્વે રાજ્યના ચાર ઝોનમાં વાઈબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સનું આયોજન કરાયું છે. ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સની પ્રથમ કોન્ફરન્સ આગામી તા. ૯ અને ૧૦ ઓક્ટોબરે મહેસાણા જિલ્લામાં યોજાવાની છે. ત્યારબાદ સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાત વિસ્તારોમાં આવી રિજિયોનલ કોન્ફરન્સનું આયોજન થશે.







લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ | સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ | જાહેરાત માટે : ૯૬૬૨૫ ૧૩૦૬૨ પળેપળના સમાચાર માટે www.lokpatrika.in

## શહેરી વિકાસ સપ્તાહ અંતર્ગત ખાતમુહૂર્ત અને લોકાર્પણ : નાગરિકોને રૂ. ૨૭ કરોડથી વધુના પ્રજાલક્ષી પ્રકલ્પોની ભેટ

# અ.મ્યુ.કો. દ્વારા શહેરી વિકાસ સપ્તાહની ભવ્ય ઉજવણી

### શહેરના ૫ સ્થળો પર 'વેસ્ટ ટુ આર્ટ' સ્કલ્પચર સ્થાપિત થશે, ૭૫ સ્થળો પર વોલ મ્યુરલ્સ પેઇન્ટિંગ તૈયાર કરાશે

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૬ |

ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૦૫ને શહેરી વર્ષ જાહેર કર્યું હતું અને તે વર્ષ દરમિયાન શહેરી વિસ્તારોમાં માળખાગત સુવિધાઓના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.ગુજરાતની આ શહેરી વિકાસયાત્રાને ૨૦ વર્ષ પૂર્ણ થયા છે અને આ ૨૦ વર્ષો દરમિયાન ગુજરાત નોંધપાત્ર શહેરીકરણનું સાક્ષી બન્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ પણ શ્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાવેલી શહેરી વિકાસ યાત્રાને વધુ વેગથી આગળ ધપાવવા સંકલ્પબદ્ધ છે અને એટલે જ તેમણે ૨૦ વર્ષ બાદ ૨૦૨૫ને પુનઃ એક વાર શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવાની જાહેરાત કરી છે. શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫ અંતર્ગત તેમજ વિકાસ સપ્તાહની ઉજવણી ૭ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર ૨૦૨૫ સુધી કરવામાં આવશે.જેના ભાગરૂપે અમદાવાદ મ્યુનિસિપલ કોપ ોરેશન દ્વારા આગામી ૧૨ અને ૧૩ ઓક્ટોબર દરમિયાન અમદાવાદ શહેરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરી વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે અમદાવાદ શહેરમાં ૧૨ અને ૧૩ ઓક્ટોબર દરમિયાન વિવિધ પ્રજાલક્ષી વિકાસ પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ કરવામાં આવશે.




અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા કૂલ રૂ.૨૭કરોડથી વધુના ખાતમુહૂર્ત અને લોકાપ ર્ણ થશે. આ ઉપરાંત અ.મ્યુ.કો.ના આરોગ્ય વિભાગ દ્વારા અમદાવાદ શહેરના લાભાર્થીઓને આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત આયુષ્માન હેલ્થ કાર્ડ, આભા કાર્ડ, વયવંદના કાર્ડ, ટીબીના દર્દીઓને ન્યૂટ્રીશન કીટનું વિતરણ કરવામાં આવશે. જ્યારે યુ.સી.ડી વિભાગ દ્વારા શહેરના તમામ વોર્ડમાં પીએમ. સ્વનિધી યોજના અંતર્ગત ચેકનું વિતરણ કરવામાં આવશે. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા શહેરના કૂલ પાંચ સ્થળો પર વેસ્ટ ટુ આર્ટ સ્કલ્પચર સ્થાપિત કરવામાં આવશે. આ ઉપરાંત નાગરિકો અને શૈક્ષણિક સંસ્થાના બાળકોને જોડીને કૂલ ૭ ઝોનના ૭૫ સ્થળો પર વોલ મ્યુરલ્સ પેઈન્ટિંગ થશે. અ.મ્યુ.કો.ના બ્રિજ પ્રોજેક્ટ વિભાગ દ્વારા અમદાવાદ શહેરની હદ વિસ્તારમાં આવેલા જુદા જુદા બ્રિજની સુશોભિતમાં વધારો કરવા બ્રિજના ક્રેશ બેરિયર પર ડિજિટલ પેઈન્ટિંગ કરવામાં આવશે.

## વેરાવળના ખારવાવાડમાં ૮૦ વર્ષ જૂનું મકાન ધરાશાયી થતા માતા-પુત્રી સહિત ૩ લોકોના મોત

| પ્રતિનિધિ, ગીર સોમનાથ,તા.૬ |

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ શહેરના ખારવાવાડ વિસ્તારમાં મોડી રાત્રે ગમખ્વાર દુર્ઘટના સર્જાતા સમગ્ર શહેરમા શોકનું મોજુ ફરી વળ્યું હતું. વેરાવળના ખારવાવાડ વિસ્તારમાં અંદાજિત ૮૦ વર્ષ જૂનું જર્જરિત ત્રણ માળનું રહેણાંક મકાન અચાનક ધરાશાયી થતાં કાટમાળ નીચે માતા-પુત્રી અને એક બાઈક ચાલક સહિત ત્રણ લોકોના કમકમાટી ભર્યા મોત નીપજ્યા હતા.મોડી રાત્રીના સમયે આ ઘટના બની હતી. હાલ નવરાત્રિનો માહોલ હોવાથી જે શેરીમાં મકાન આવ્યું છે ત્યાંથી લોકોની અવર જવર શરૂ હોય ત્યારે આ ૮૦ વર્ષ જૂનું મકાન અચાનક ધરાશાયી થતાં વિસ્તારમાં અફરા તફરી મચી ગઈ હતી.

## અમરોલી પોલીસે પાંચ ફ્લેટમાંથી વિસ્ફોટક ફટાકડાનો જથ્થો કબજે કરાયો, બેની ધરપકડ

| પ્રતિનિધિ, સુરત,તા.૬ |

સુરતની અમરોલી પોલીસે એક મોટી કાર્યવાહી કરીને ગેરકાયદેસર રીતે સંગ્રહ કરેલા ફટાકડાના જથ્થા સાથે એક મહિલા સહિત બે વ્યક્તિઓની ધરપકડ કરી છે. જાહેર જનતાના જીવ જોખમમાં મૂકાય તેવી રીતે રહેણાંક વિસ્તાર કોસાડ આવાસમાં કોઈ પણ ફાયર સેફ્ટી વગર ફટાકડાનો આટલો મોટો સંગ્રહ કરવામાં આવ્યો હતો.અત્રે ઉલ્લેખનીય છે કે આ ફટાકડાનો જથ્થો કાપોદ્રાના એક ફટાકડાના વેપ ારી અનિલ પાસેથી લાવવામાં આવ્યો હતો. આ ફટાકડાના વેપારીના પણ કાપોદ્રા વિસ્તારમાં ગોડાઉન આવેલા છે તેની પણ તપાસ કરવામાં આવે તો મોટા ખુલાસાઓ થઈ શકે તેવી શક્યતાઓ છે.પોલીસને અમરોલી વિસ્તારના કોસાડ એચ-૫ આવાસમાં ફટાકડાનો ગેર-કાયદેસર સંગ્રહ કરવામાં આવ્યો હોવાની માહિતી મળી હતી.

## દાહોદમાં કૉંગ્રેસ દ્વારા જનઆક્રોશ સભા યોજાઈ, કૉંગ્રેસ નેતાઓએ મંત્રી બચુભાઈ ખાબડ ઉપર નિશાન સાધ્યું

| પ્રતિનિધિ, દાહોદ, તા.૬ |

કોંગ્રેસ દ્વારા વોટ ચોર ગાદી છોડ કાર્યક્ર્મ અંતર્ગત વિશાળ બાઈક રેલી સાથે જન આક્રોશ સભાનું આયોજન કરાયું હતું. જેમાં પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડા, ગુજરાતના પ્રભારી અને એઆઈસીસીના સચિવ મુકુલ વાસનીક, તુષાર ચૌધરી, લાલજી દેસાઈ, ધારાસભ્ય જિગ્નેશ મેવાણી સહીતના નેતાઓ પધાર્યા હતા. મધ્યપ્રદેશના ધારાસભ્ય વિક્રાંત ભૂરીયા દાહોદ ખાતે આવ્યા હતા. હાઈવે થી ગોધરા રોડ થઈ વિશાળ બાઈક રેલી બાદમાં પદયાત્રા કરી તમામ નેતાઓ અને કાર્યકરો રાધે ગાર્ડન પાર્ટી પ્લોટ ખાતે સભા સ્થળે પહોચ્યા હતા.આ કાર્યક્ર્મમાં દાહોદ જિલ્લા કોંગ્રેસના પૂર્વ ધારાસભ્યો, જિલ્લા સંગઠનના હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા. કોંગ્રેસ નેતાઓએ ભાજપ ઉપર આકરા પ્રહાર કરી ભાજપના નેતાઓ અને મંત્રીઓ મોટાપાયે ભ્રષ્ટ્રાચાર કરતાં હોવાના આક્ષેપ કર્યા હતા, તેમજ ખોટા મતદારો ઊભા કરી મતદાન કરાવતા હોવાનો પણ આરોપ મૂક્યો હતો.અમિત ચાવડા એ ગુજરાત સરકારના મંત્રી બચુભાઈ ખાબડ ઉપર નિશાન સાધતા કહ્યું હતું, કે બચુ ખાબડની મનરેગા કૌભાંડમાં સંડોવણીના પુરાવા મળ્યા છે. પોલીસ ફરિયાદ નોધાઈ અને બંને પુત્રો જેલમાં પણ જઈ આવ્યા અને સરકારે બચુ ખાબડને દરેક જાહેર કાર્યક્રમમાંથી દૂર કર્યા છે. બેઠકોથી દૂર કર્યા છે.

## ભાજપની વેપારી પેનલ સામે ગઠબંધન પાર્ટીને એકેય વેપારી ઉમેદવાર ન મળ્યો

# સાયલા માર્કેટિંગ યાર્ડ ચુંટણી પહેલાંજ આપ અને કૉંગ્રેસ ના કાગરા ખેરવી નાખતી ભાજપ

| પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૬ |

સાયલા માર્કેટિંગ યાર્ડની આગામી તારીખ ૧૭ એ મતદાન યોજાવાની છે ચુટણી પહેલાજ જીલ્લા ભાજપ પ્રમુખ હિતેન્દ્રસિહ ચૌહાણ અને લીબડીના ધારાસભ્ય કીરીટસિહ રાણાએ સામાપ ક્ષે ગઠબંધન સાથે ચુટણી મેદાનમા ઉતરેલા કોગ્રેસ અને આપ પાર્ટીના કાગરા ખેરવી નાખ્યા હતા ભાજપે ૧૦ ખેડુત અને ૪ વેપારીઓ એમ મેન્ડેટ સાથે ૧૪ ની પેનલ ચુટણીના મેદનમા ઉતારી હતી તો સામા પક્ષે ગઠબંધન સાથે ઉતરેલ આપ અને કોંગ્રેસ પાર્ટીને એકપણ વેપારી ઉમેદવાર ન મળતા ભાજપની વેપારી પેનલ બીનહરીફ થઈ જતા ચુટણી પહેલાજ ગઠબંધન પાર્ટીની હાલત કફોડી બની ગય હતી. માર્કેટિંગ યાર્ડની ચૂંટણીના આજરોજ



૨૮ ફોર્મ ભરાયા હતા ખેડૂત પેનલ તેમજ વેપારી પેનલ માટેના ઉમેદવારોએ ફોર્મ ભરાયા હતા ખેડૂત પેનલ માટે કુલ મતદાર ૪૦૬ જેની સામે ૨૪ લોકોએ ઉમેદવારી નોંધાવી જ્યારે વેપારી પેનલ માટે કુલ મતદાર ૧૦ તેની સામે ૪ લોકોએ ઉમેદવારી નોંધાવી હતી આવનાર દશ ઓક્ટોબર ના રોજ ફોર્મ પરત ખેંચાશે તેમજ ૧૭ ઓક્ટોબરના રોજ મતદાન થશે તેમજ ૧૮ ઓક્ટોબરના રોજ મતગણતરી હાથ ધરવામાં આવશેચૂંટણી પ્રક્રિયાની સંપૂર્ણ માહિતી જિલ્લા રજીસ્ટાર કોમલ ચૌધરી દ્વારા આપવામાં આવી હતી જેમા ખેડુત પેનલ- ૧૦ વેપારી પેનલ- ૪સરકારી સભ્ય- ૨ સાયલા ગ્રામપંચાયત-૧ કુલ- ૧૭ સભ્ય હોયછે બોડી બનાવવા માટે ૯(નવ) સભ્ય ની જરૂરિયાત છેજેમા ભાજપ પાસે વેપારી પેનલ ૪ સરકારી સભ્ય ૨ સાયલા ગ્રામ પંચાયત ૧ એમ મળી કુલ ૭ તો અત્યારની સ્થિતીમા પ ાર્ટીની જોલીમા આવી ગયા છે આથી માર્કેટિંગ યાર્ડની ચુટણીમા ભાજપે ચુટણી પહેલાજ કેસરીયો લેહરાવી દેતા સામા પક્ષેઆપ પાર્ટી ના જીલ્લા પ્રમુખ મયુરભાઈ સાકરીયા અને કોંગ્રેસ પક્ષ બન્ને ની સંયુક્ત પેનલ હોવા છતાપણ બોડી બનાવવા ફાફા મારી રહ્યા હોવાનો તાલ સર્જાયો છે. માર્કેટિંગ યાર્ડની ચૂંટણીના આજરોજ ૨૮ ફોર્મ ભરાયા હતા ખેડૂત પેનલ તેમજ વેપારી પેનલ માટેના ઉમેદવારોએ ફોર્મ ભરાયા હતા.

## સુરતમાં પરીણિતાની આત્મહત્યાના કેસમાં મકાન માલિક પ્રેમીની ધરપકડ કરાઇ

| પ્રતિનિધિ, સુરત, તા.૬ |

સુરતમાં પરીણિતાએ આત્મહત્યા કરી તે કેસમાં મકાન માલિકની ધરપકડ કરવામાં આવ્યો છે. સુરતના સચિન ૈંહ્વઝ્ર વિસ્તારમાં પરીણિતાએ આત્મહત્યા કરતાં આ વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. પરીણિતાએ ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી હતી. આ ૨૩ વર્ષીય પરીણિતાના કોઈ યુવક સાથે આડા સંબંધ હતા. તેણે પ્રેમીની વિરુદ્ધ ઓડિયો રેકોર્ડિંગ કરીને આત્મહત્યા કરી હતી. તેણે ઓડિયા રેકોર્ડિંગમાં પ્રેમીને જણાવ્યું હતું કે તે આઠ મહિનાથી જુદી-જુદી હોટેલોમાં બોલાવીને મારું શારીરિક શોષણ કર્યુ છે. હવે હું તને બતાવી દઈશ. તેના પછી તેણે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી.પોલીસે તેના પ્રેમી અને મકાનમાલિક અજય મૌર્યની ધરપકડ કરી છે. આ કેસની વિગતો એવી છે કે મૂળ ઉત્તરપ્રદેશની વતની અને હાલમાં સચિન ૈંહ્વઝ્રમાં પરીણિતા તેના પતિ અને પુત્ર સાથે રહેતી હતી. પતિ જરીકામ ખાતામાં કામ કરીને કુટુંબનું ભરણપોષણ કરતો હતો. પરિણીતાએ પાછા પાંચ વર્ષ પહેલાં પ્રેમલગ્ન કર્યા હતા. પરીણિતાએ ગઈકાલે સાંજે રસોડામાં લગાવેલી લોખંડની એન્ગલ પર દોરડું લગાવી આત્મહત્યા કરી હતી.પરીણિતાના પતિએ પણ જણાવ્યું હતું કે તેની પત્નીના યુવક સાથે આડા સંબંધ હતા,

## અમદાવાદઃ ડ્રગ્સ રેકેટમાં ચોંકાવનારો ખુલાસો, પોલીસકર્મીનું જ નામ ખુલ્યું!

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૬ |

ડ્રગ્સ રેકેટમાં એક ચોંકાવનારો ખુલાસો થયો છે. ડ્રગ્સ રેકેટમાં પોલીસકર્મીનું નામ ખુલ્યું છે, જ્યારે ડ્રગ્સ રેકેટમાં નામ ખુલતા પોલીસકર્મીની ધરપકડ કરવામાં આવી છે. મહત્ત્વનું છે કે,એસઓજી દ્વારા ૫૦૦ ગ્રામ હાઈબ્રીડ ગાંજા સાથે બે આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. જેની તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. હાઈબ્રીડ ગાંજા પ્રકરણમાં ટ્રાફિક જવાનની પણ સંડોવણીનો ખુલાસો થયો છે. જેના પગલે ટ્રાફિક પ ોલીસની ધરપકડ કરાઈ છે. ગાંજો સહદેવસિંહ નામના પોલીસકર્મી દ્વારા આપવામાં આવ્યો હોવાનો તપાસમાં ખુલાસો થયો છે. જેના પગલે પોલીસકર્મીની ધરપકડ કરવામાં આવી છે. એસઓજીએ રખિયાલના ધરણીધર એસ્ટેટમાંથી ૫૦ લાખના હાઈબ્રીડ ગાંજો સાથે બે યુવકો પણ દબોચાયા હતા. પકડાયેલા પ્રતીક કુમાવત અને રવિ પટેલની પુછપરછમાં ખુલ્યું હતુ કે, કેસમાં ટ્રાફિક જવાન સરહદેવસિંહની પણ સંડોવણી હતી અને પકડાયેલો માલ પોલીસનો હોવાનું કહ્યું હતું. એટલું જ નહીં, આ જથ્થો સહદેવ પાસેથી જ લવાયો હોવાનું કહ્યું હતું.સહદેવ વર્ષ ૨૦૦૭ની બેચમાં ટ્રાફિક પોલીસમાં જોડાયો હતો. મુળ ધોળકાના ભાલોદ ગામનો વતની સહદેવ હાલ નિકોલના અમૃત પાર્ક સોસાયટીમાં રહે છે. પોલીસે ડ્રગ્સ રેકેટમાં નામ ખુલતા આરોપીની ધરપકડ કરી છે.



### અંબિકા અન્ન ક્ષેત્રમાં સાત્વિક ભોજન સાથે વાર-તહેવારે મિષ્ઠાન પીરસાય છે

# અંબાજી દેવસ્થાન ટ્રસ્ટની પહેલ, ભક્તો માટે નિશુલ્ક ભોજન વ્યવસ્થા; દરરોજ ૭,૦૦૦ ભક્તોને ભોજન

## ભક્તોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા વિવિધ વ્યવસ્થાઓ કરવામાં આવે છે





। પ્રતિનિધિ, પાલનપુર, તા.૬ ।

બનાસકાંઠા જિલ્લાના વિશ્વ પ્રખ્યાત યાત્રાધામ અંબાજી ખાતે દરરોજ માં અંબાના ભક્તોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. લાખો ભક્તો માં અંબાના દર્શન અને શીશ ઝુકાવવા આવે છે. આ ભક્તોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા વિવિધ વ્યવસ્થાઓ કરવામાં આવે છે. ભક્તોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને ટ્રસ્ટે અંબિકા ભોજનાલયમાં નિઃશુલ્ક ભોજન વ્યવસ્થા શરૂ કરી છે, જેનો હજારો ભક્તો લાભ લઈ રહ્યા છે.

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના દાતા હિતેશભાઈ ઠક્કરે જણાવ્યું કે અંબિકા ભોજનાલય ખાતે કાર્યરત અંબિકા અન્ન ક્ષેત્રમાં બનતી રસોઈ નિત્ય ટિફિનમાં ભરીને પ્રથમ માં અંબાને થાળ સ્વરૂપે ધરાવવામાં આવે છે. સવારની આરતીમાં માં અંબાને ધરવામાં આવતો બાળ ભોગનો પ્રસાદ સવાર અને સાંજની રસોઈમાં ભેળવીને ભક્તોને પીરસાય છે. ભોજનની ગુણવત્તા પર વિશેષ ધ્યાન આપવામાં આવે છે, અને ભક્તોને ભાવપૂર્વક ભોજન પીરસવામાં આવે છે.

અંબિકા અન્ન ક્ષેત્રમાં સાત્વિક ભોજન સાથે વાર-તહેવારે મિષ્ઠાન પીરસાય છે, જેમાં અંબાજીની ઓળખ એવો શુદ્ધ ઘીમાં બનાવેલ મોહનથાળ ખાસ પીરસવામાં આવે છે. આ ભોજનાલય દાતાઓના સહયોગથી નિઃશુલ્ક ચલાવવામાં આવે છે. દરરોજ આશરે ૭,૦૦૦થી વધુ ભક્તો અહીં ભોજન પ્રસાદનો લાભ લઈ રહ્યા છે, જેનાથી તેઓ ધન્યતા અનુભવે છે.

અંબિકા ભોજનાલયનું હાલનું બિલ્ડિંગ જૂનું થઈ ગયું હોવાથી અને ગબ્બર કોરિડોર પ્રોજેક્ટ હેઠળ તે ડીમોલિશ થવાનું હોવાથી, મંદિર ટ્રસ્ટે દાતા રોડ પર આવેલા દિવાળીબા ગુરુ ભવન ખાતે ડોમ બનાવી નવું ભોજનાલય શરૂ કર્યું છે. જય જલિયાણ ફાઉન્ડેશનના હિતેશભાઈ ઠક્કરે જણાવ્યું કે છેલ્લા બે વર્ષથી આ નિઃશુલ્ક ભોજન સેવા ચાલે છે, જે દાતાઓના સહયોગથી શક્ય બની છે.

૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ અયોધ્યામાં ભગવાન શ્રીરામના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે અંબાજી દેવસ્થાન ટ્રસ્ટે અંબિકા ભોજનાલયમાં નિઃશુલ્ક ભોજન વ્યવસ્થા શરૂ કરી હતી. આ એક વર્ષમાં ૨૨.૭૮ લાખ શ્રદ્ધાળુઓએ ભોજન પ્રસાદનો લાભ લીધો છે. આ યોજના ભક્તો માટે મંદિર ટ્રસ્ટની માનવીય સેવા અને સમર્પણનું પ્રતીક છે, જે ભક્તોને આધ્યાત્મિક અનુભવની સાથે શારીરિક સુખ-સુવિધા પણ પૂરી પાડે છે. બનાસકાંઠા જિલ્લાના વિશ્વ પ્રખ્યાત યાત્રાધામ અંબાજી ખાતે દરરોજ માં અંબાના ભક્તોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. લાખો ભક્તો માં અંબાના દર્શન અને શીશ ઝુકાવવા આવે છે. આ ભક્તોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા વિવિધ વ્યવસ્થાઓ કરવામાં આવે છે. ભક્તોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને ટ્રસ્ટે અંબિકા ભોજનાલયમાં નિઃશુલ્ક ભોજન વ્યવસ્થા શરૂ કરી છે, જેનો હજારો ભક્તો લાભ લઈ રહ્યા છે.

### અંધશ્રદ્ધા અને તાંત્રિક વિધિના નામે છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો

# અમદાવાદ જિલ્લામાં તાંત્રિકના ચક્રવ્યૂહમાં ફસાઈ વિધવા મહિલા । બ્લેક મેજિક બાબા ઉર્ફે રામપ્રતાપ ઉપર કેસ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૬ ।

અમદાવાદમાં ફરી એકવાર અંધશ્રદ્ધા અને તાંત્રિક વિધિના નામે છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો છે. વેજલપુર વિસ્તારમાં રહેતી એક વિધવા મહિલા બ્લેક મેજિક બાબાના ચક્રવ્યૂહમાં ફસાઈ ગઈ હોવાનો આ ઘટનાનો ખુલાસો થયો છે. મહિલાને "તંત્ર વિધિ"ના બહાને ડરાવી અને તેની પાસે ૧૪.૧૮ લાખની છેતરપિંડીની ફરિયાદ દાખલ કરવામાં આવી છે. મહિલાના પતિ અને પુત્રનું ૨૦૨૪માં અવસાન થયું હતું. મહિલા હાલમાં તેના ઘરમાં એકલી રહે છે.આ મામલે બ્લેક મેજિક બાબા ઉર્ફે રામપ્રતાપ ભાર્ગવ તથા તેની સાથી ગુરુમાતા ઉર્ફે વિજેન્દ્ર દેવી વિરુદ્ધ વેજલપુર પોલીસે ગુનો નોંધ્યો છે.

પોલીસ સૂત્રો મુજબ, આ બંને આરોપીઓએ મહિલાની માનસિક સ્થિતિનો લાભ ઉઠાવી, તેને "તંત્ર વિધિ નહીં કરાવશે તો મોત થઈ જશે" કહી ડરાવ્યું અને લાંબા સમય સુધી છેતરપિંડી ચાલુ રાખી.ફરિયાદ મુજબ, વિધવા મહિલાનો પતિ બે વર્ષ પહેલા અવસાન પામ્યો હતો, ત્યારબાદ તે માનસિક રીતે ખૂબ તણાવમાં હતી. આ દરમિયાન કોઈ ઓળખીતાએ તેને રામપ્રતાપ નામના તાંત્રિક બાબા પાસે લઈ ગયા હતા. શરૂઆતમાં બાબાએ મહિલાને કહ્યું કે તેના જીવનમાં નકારાત્મક શક્તિઓ છે અને તાંત્રિક વિધિ કરાવ્યા વગર તેનું જીવન જોખમમાં છે.

## કલોલના ધમાસણામાં તસ્કરો ત્રાટક્યા ૯ લાખના દાગીનાની ચોરી કરી ફરાર

। પ્રતિનિધિ, કલોલ, તા.૬ ।

કલોલ તાલુકાના ધમાસણા ગામે તસ્કરો ત્રાટક્યા હતા તસ્કરોએ બે બંધ મકાનના તાળા તોડયા હતા અને અંદર જઈ તિજોરીમાં પડેલ સોના ચાંદીના દાગીના ની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા તસ્કરો કુલ રૂપિયા ૯,૩૦,૫૦૦ ના મુદ્દા માલની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા બનાવ અંગે પોલીસે ગુનો દાખલ કરી તપાસ ચલાવી છે.આ અંગે મળતી માહિતી અનુસાર કલોલ પાસેના ધમાસણા ગામે આવેલા નારાયણ બંગલોમાં રહેતા જીતુભાઈ રમેશભાઈ વાઘેલા પોતાનું મકાન બંધ કરીને બહાર ગયા હતા ત્યારે કોઈ તસ્કરોએ તેમના બંધ મકાનના દરવાજાનું તાળું તોડયું હતું અને અંદર જઈને તિજોરીમાં પડેલા સોના ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૩,૨૪,૪૦૦ ના માલમત્તાની ચોરી કરી હતી ત્યારબાદ તસ્કરોએ તેમના મામાના દિકરા કે જે આ સોસાયટીમાં રહે છે તે કિરણભાઈ અંબાલાલ ના ઘરમાં ચોરી કરી હતી તેઓએ તેમના બંધ મકાનનું તાળું તોડયું હતું અને અંદર પડેલ સોના ચાંદીના દાગીના કુલ રૂપિયા ૬ લાખ ૬ હજાર સો ની ચોરી કરી હતી.

## સુરતમાં સગીરાને સોશિયલ મીડિયા થકી મિત્રતા ભારે પડી, વિધર્મી યુવકે શારીરિક શોષણ કર્યું

। પ્રતિનિધિ, સુરત, તા.૬ ।

સુરતમાં સગીરાને સોશિયલ મીડિયા પર મિત્રતા કરવી ભારે પડી છે. આ બતાવે છે કે સગીરોને નાની વયે ફોન આપી દેવામાં આવે તો તેનું પરિણામ શું આવે છે. સુરતમાં ૨૦૨૧માં સોશિયલ મીડિયા દ્વારા વિધર્મી યુવક સગીરાના સંપર્કમાં આવ્યો હતો.તેના પછી તેણે સગીરા સાથે સંપર્ક વધાર્યો હતો. તેને લગ્નનું વચન આપીને ભોળવી હતી. તેની પછી તેણે સગીરા સાથે કેટલીક અંગત પળો માણી હતી. લગ્નની લાલચ આપીને સગીરાનું શારીરિક શોષણ કર્યુ હતુ. અંગત પળોના ફોટા પાડીને વાઇરલ કરવાની ધમકી આપી હતી. તેણે સગીરાને ધમકી આપીને તેની પાસેથી રીતસર રૂપિયા પડાવવાનું શરૂ કર્યુ હતુ. તેણે સગીરા પાસેથી ટુકડે-ટુકડે કરીને ૬૬ હજાર રૂપિયા ઓનલાઈન પડાવ્યા હતા. જો કે તેને આટલેથી પણ સંતોષ ન થતાં વધારે રૂપિયાની માંગ કરી હતી અને ન આપે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.આટલું ઓછું હોય તેમ યુવતીને નીચી જાતિની ગણાવીને તેની સાથે લગ્ન કરવાનો પણ ઈન્કાર કર્યો હતો. છેવટે કંટાળીને તેણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ચોકબજાર પોલીસે તરત જ ચક્રો ગતિમાન કરતા વિધર્મી આરોપી મોહમ્મદ જિસાન સફિક ઉર રહેમાનની ધરપકડ કરવામાં આવી છે.આ ઘટના બતાવે છે કે પાકટ વય વગર જો બાળકોને મોબાઈલ ફોન આપી દેવામાં શું અંજામ આવે છે. તેમા પણ વગર સમજણે સોશિયલ મીડિયા પર સંપર્ક થકી અજાણી વ્યક્તિઓ સાથે મિત્રતા કરીને બાળકો પોતાના માટે કેવી મુસીબત નોતરી લે છે. આમ હવે પોલીસ આ કેસમાં લવજેહાદના એન્ગલથી કામ કરી રહી છે.પોલીસનું સ્પષ્ટપણે માનવું છે કે આ ઘટના લવજેહાદની લાગે છે. તેથી આ કેસમાં હવે લવજેહાદની જોગવાઈઓ અને તેની સાથે સગીરા હોવાના કારણે પોક્સોની જોગવાઈ લાગુ પડશે તે નિશ્ચિત છે.







## તંત્રી લેખ...

# પ્રદુષણ રોકવા પહેલ

વાયુ પ્રદુષણને લઈને પારસ્પરિક વધારે સારી સમજ ઉભી કરવા અને વાયુ પ્રદુષણના સ્તરને ઘટાડી દેવા માટે ભારત અને અમેરિકાના વૈજ્ઞાનિકો ખુબ નજીકના અંતરથી કામ કરી રહ્યા છે. જો કે અમેરિકાનુ સૌથી મોટી યોગદાન તેના દ્વારા ભુતકાળમાં કરવામાં આવેલા સંઘર્ષને લઈને હોઈ શકે છે. જો અમેરિકાના સંઘર્ષથી ભારત શિખી શકશે તો લાભ વહેલી તકે થશે. અમેરિકા વાયુ પ્રદુષણને ઘટાડી દેવા માટે ભારતના પ્રયાસોમાં મદદરૂપ છે. અમારી પાસે કેટલાક મદદરૂપ બને તેવા ટેકનોલોજી નિષ્ણાંત લોકો રહેલા છે. સાથે સાથે ટોપના સાધન પણ છે. જે વાયુ પ્રદુષણના સ્તરને ઘટાડી શકે છે. જેમાં કે સ્ક્રબર છે. જે તાપ વીઝળી સાધનો અને ઉપકરણોમાંથી નિકળનાર ઉત્સર્જનના પ્રમાણને ઘટાડી દે છે. એવા સાધનો પણ ઉપયોગી રહે છે જે ડિઝલના વાહનોમાં રેટ્રોફિટ થઈ જાય છે. સાથે સાથે ઉત્સર્જન ઘટાડી નાંખે છે. આ ઉપરાંત પણ અતિ આધુનિક ઈલેકટ્રિક વાહન ટેકનોલોજી છે. અમારા વૈજ્ઞાનિકો અમેરિકાના વૈજ્ઞાનિકો સાથે મળીને કામ કરી રહ્યા છે. અમેરિકાના નિષ્ણાંતો પણ એક બાબત તો કબુલ કરે છે કે ભારતીય લોકો અને સરકાર યોગ્ય દિશામાં આગળ વધી રહી છે. વાયુ પ્રદુષણને ઘટાડી દેવામાં આવનાર દિવસોમાં મદદ મળી શકે છે. ભારત વાયુ પ્રદુષણને રોકવા માટે સતત પ્રયાસરત છે. ભારત દ્વારા સ્થાનિક ડેટા પર ભાર મુકે છે. જેના આધાર પર નક્કર ઉકેલ શોધી કાઢવા માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. અમેરિકા આ દિશામાં ભારતને સહાયતા કરવા માટે તૈયાર છે. અમેરિકા પણ માને છે કે પોતાના સમૃદ્ધ ભવિષ્ય માટે ભારત પણ સ્વસ્થ રહે તે જરૂરી છે. વાયુ પ્રદુષણ કેટલા હદ સુધી ખતરનાક બને છે તેના પુરવાા વારંવાર અભ્યાસ મારફતે મળતા રહે છે. જીનેવા સ્થિત વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુએચઓ) એ પોતાના અહેવાલમાં કહ્યું છે કે દર વર્ષે વાયુ પ્રદુષણના કારણે વિશ્વભરમાં ૨ મિલિયન અથવા તો ૨૦ લાખ લોકોના મોત થઈ જાય છે. ડબલ્યુએચઓ દ્વારા એકત્રિત કરવામાં આવેલા ડેટામાં આ મુજબ જણાવવામાં આવ્યું છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ૫૧ દેશોના ૧૧૦૦ શહેરોમાંથી આંકડા એકત્રિત કરવામાં આવ્યા છે. આ આંકડા મુજબ હવાઈ પ્રદૂષણનું સ્તર સતત વધી રહ્યું છે. આના કારણે હાર્ટ સાથે સંબંધિત રોગ, ફેંફસાના કેન્સર, અસ્થમા અને શ્વાસ લેવાની તકલીફ તેમજ અન્ય ઈન્ફેક્શન રોગોનો સમાવેશ થાય છે. ઘણા શહેરી વિસ્તારોમાં આ તમામ રોગ સામાન્ય બની ચૂક્યા છે. કેટલાક શહેરોમાં પ્રદૂષણની સપાટી ડબલ્યુએચઓની માર્ગદર્શિકાની સરખામણીમાં ૧૫ ઘણી વધારે છે.

# ફિટ રહેવા રોજ ૨૨ મિનિટ ચાલો

આમાં કોઈ શંકા નથી કે આપ હેલ્થી અને બિમારીથી દુર રહેવા માટે ઈચ્છુક છો તો પોતાની નિષ્ક્રિય લાઈફસ્ટાઈલને છોડી દેવી પડશે. પોતાની ગતિહીન લાઈફસ્ટાઈલને ત્યાગીને એક્ટિ લાઈફસ્ટાઈલ અપનાવવાની સ્થિતીમાં જીવન બદલાઈ શકે છે. વધારે ફિટ અને સ્વસ્થ રહી શકાય છે. માત્ર એક ફેરફાર કરીને આપ હાર્ટ સાથે સંબંધિત બિમારી, સ્ટ્રોક, ડાયાબિટીસ અને કેન્સર જેવી બિમારીને દુર રાખી શકાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે એક્ટિવ લાઈફસ્ટાઈલ માટે આપને દિવસભર જીમમાં પરસેવો વહેડાવવાની કોઈ જરૂર નથી. દરરોજ માત્ર ૨૨ મિનિટ સુધી વોકિંગ કરવામાં આવે તો પણ સારા પરિણામ મળી શકે છે. ૨૨ મિનટ સુધી રોજ ચાલવાથી આરોગ્યને જાળવી શકાય છે. અમેરિકન જર્નલ ઓફ પ્રિવેન્ટિવ મેડિસીનમાં પ્રકાશિત કરવામાં આવેલા અભ્યાસના પરિણામ હવે જાહેર કરવામાં આવ્યા છે. જે દર્શાવે છે કે દરરોજ ૩૦ મિનિટ સુધી વોકિંગ ખુબ ફાયદાકારક છે. આના કારણે મોતની શંકા ૨૦ ટકા સુધી ઘટી જાય છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે વોકિંગ ખુબ સરળ અને પરફેક્ટ કસરત સમાન છે. ૧૩ વર્ષ સુધી વ્યપાક અભ્યાસ કર્યા બાદ આના તારણ જારી કરવામાં આવ્યા છે. વોકિંગ સરળ કસરત છે. કારણ કે તે એક સિમ્પલ એક્શન છે. જે સંપૂર્ણ રીતે ફ્રી છે. તેના માટે કોઈ પણ પ્રકારના સાધનની જરૂર હોતી નથી. તાજેતરમાં જ કરવામાં આવેલા અન્ય એક રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધી કસરત લાઈફમાં ત્રણ વર્ષનો ઉમેરો કરે છે. અભ્યાસમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે મોટાભાગના લોકો ૩૦ મિનિટ સુધીની કસરત કરે તો તેમના લાઈફમાં ઉમેરો કરી શકે છે. અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે સપ્તાહમાં પાંચ દિવસ કસરત કરવાથી પણ ફાયદો મળે છે. નિષ્ણાંતોએ કહ્યું છે કે ઓછા ડોઝના કારણે ઓછો ફાયદો થાય છે પરંતુ નિયમિત રીતે ૩૦ મિનિટ સુધી કસરત ખૂબ જ આદર્શ છે. લીડ રિચર્સર તાઈવાનના સીપેગે કહ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધીની કસરતથી પણ ફાયદો થાય છે. વોકીંગથી પણ ફાયદો થાય છે. તાઈવાનની નેશનલ હેલ્થ રિચર્સ ઈન્સ્ટ્રીટ્યુટના પેંગે કહ્યું છે કે પુરુષો, મહિલાઓ, યુવાનો અને વૃદ્ધ લોકો તેમજ ધૂમ્રપાન કરનાર લોકો તથા અસ્વસ્થ રહેતા લોકો માટે પણ નિયમિત પણે કસરત ખૂબ જ ઉપયોગી છે. જ્યારે પણ દર્દીઓ કોઈ ખાસ તકલીફના દર્દીને જુએ છે ત્યારે વોકીંગની સલાહ આપે છે અથવા તો તેને હળવી કસરતની સલાહ આપે છે. મેડીકલ જનરલમાં પ્રકાશિત થયેલા તેમના તારણોમાં જણાવવામાં આવ્યું છે કે ૪૧૬૦૦૦ લોકોને આવરી લઈને આ સર્વે કરવામાં આવ્યો હતો જેમાં મોટાભાગના લોકોના મત જાણવામાં આવ્યા હતા. તેમના આરોગ્ય અંગે પણ પ્રશ્નો કરવામાં આવ્યા હતા. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ૧૫ મિનિટ કસરતથી ઉપયોગી ફાયદો થાય છે. દરરોજની કસરત કેન્સરના જોખમને ઘટાડવામાં ઉપયોગી સાબિત થાય છે.



### બિઝનેસની શરૂઆત તો પૈસા કમાવવા માટે જ કરવામાં આવે છે...

**શું આપની ઓફિસમાં ક્લાઇન્ટ નિયમિત રીતે આવે છે જો નહીં તો ઓફિસને એ જગ્યાએ રાખવી જોઇએ જ્યાં ભાડુ ઓછુ હોય છે અને ખર્ચ ઘટી શકે છે એટલે કે કોઇ પ્રાઇમ સ્થળના બદલે થોડીક ઓછી પ્રાઇમ જગ્યાએ ઓફિસ રાખી શકાય છે**

# આ ખર્ચ પર બ્રેક મુકી બચત કરો

**કેટલીક વખત એવા ખર્ચ થઇ જાય છે જેની જરૂર હોતી નથી : ૮૨ ટકા નાના કારોબાર ફ્લોપ થઇ જવા માટેનુ મુખ્ય કારણ કૈશ ફ્લો હોય છે**

કોઈ પણ પ્રકારના બિઝનેસને ચલાવવા માટેની બાબત સરળ હોતી નથી તે હમેંશા પડકારરૂર હોય છે. સૈલરી, ઓફિસ ભાડા, મેન્ટેનન્સ સહિતના ખર્ચ કંપનીના ખર્ચને અનેક ગણા સુધી વધારી દે છે. પ્રિન્ટિંગ કોસ્ટ હમેંશા દરેક કંપનીને મોટા ખર્ચ કરવા પર મજબુર કરે છે. પેપર ઈન્ક અન મશીનના મેન્ટેનન્સમાં જંગી નાણાં લાગે છે. સાથે સાથે કર્મચારી પણ પોતાના કિંમતી સમય પ્રિન્ટર સાથે સંબંધિત મુદ્દાને લઈને ડીલ કરવામાં ખરાબ કરે છે. જેથી જેટલુ બની શકે તેટલા ઓછા પ્રમાણમાં પેપરના ઉપયોગની જરૂર રાખવી જોઈએ. પેપર વર્કને લઈને હમેંશા સાવધાન રહેવાની જરૂર હોય છે. કોન્ટ્રાક્ટ સાઈન કરવા માટે પણ ઓનલાઈન સિગ્નેચર સર્વિસેસનો ઉપયોગ કરી શકાય છે. જો કાગળના બદલે ટેકનોલોજીનો ઉપયોગ વધારે કરવામાં આવશે તો આપની શ્રેણીબદ્ધ સમસ્યાનો એમ જ દુર થઈ શકે છે. આઉટ ઓફ ટાઉફન કોન્ફરન્સ કરવામાં હમેંશા ખર્ચ ખુબ વધારે કરવામાં આવે છે. જેથી આ કોસ્ટને હમેંશા માટે ઘટાડી દેવા માટે કોઈ સારા વેબ કોન્ફરન્સ સોફટવેરમાં ઈન્વેસ્ટ કરી શકાય છે. જેની મદદથી કોઈ પણ સમય દુનિયામાં કોઈ પણ જગ્યાએ કોઈ વ્યક્તિ સાથે ફેસ ટુ ફેસ વાત કરી શકો છો. ટ્રાવેલિંગને બિલકુલ છોડી દેવામાં આવે તો પણ તેનાથી બચત થાય છે. જ્યાં મોટા ફાયદા થઈ રહ્યા છે ત્યાં ચોક્કસપણે જવાની જરૂર હોય છે પરંતુ ટ્રાવેલિંગ ઓચા પ્રમાણમાં કરવામાં આવે તેવી સલાહ નિષ્ણાંતો દ્વારા આપવામાં આવી રહી છે. જે કામોને ફોલોઅર્સથી કરાવી શકાય છે તે કામ માટે સ્ટાફ રાખવાની ભુલ ક્યારેય કરવી જોઈએ નહી. કેટલીક વખત મહિનામાં બે ચાર કામ જ હોય છે જેને ફોલોઅર્સથી સરળતાથી કરાવી શકાય છે. તેના માટે સ્ટાફ રાખવાની કોઈ જરૂર હોતી નથી. જો કે ફોલોઅર્સની પસંદગી કરત વેળા ક્વાલિટી પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી હોય છે.



સારા ફોલોઅર્સ સારા પૈસા માંગે છે પરંતુ કામ પણ સારી ક્વાલિટી સાથે કરતા રહે છે. જે ખરાબ કામને ફરીથી કરવાના બદલે વધારે યોગ્ય છે. ફ્રી લાન્સર્સના કારણે આપને ઓફિસમાં પણ થતા નાના મોટા ખર્ચમાંથી મુક્તિ મળી જાય છે. વર્તમાન સમયમાં મોટી મોટી કંપનીઓ ફ્રી લાન્સર્સ મારફતે આગળ વધી રહી છે. કોઈ પણ બિઝનેસની શરૂઆત તો પૈસા કમાવવા માટેના ઈરાદા સાથે જ કરવામાં આવે છે. પરંતુ કેટલીક વખત એવા ખર્ચ થઈ જાય છે જે ખર્ચની ખરેખર જરૂર હોતી નથી. થોડાક દિવસ પહેલા બિઝનેસ ઈન્સાઈડરના કહેવા મુજબ ૮૨ ટકા નાના કારોબાર એટલા માટે ફ્લોપ થઈ જાય છે કે તેમની પાસે કેશ ફ્લોની વ્યવસ્થા થઈ શકતી નથી. જો તમે પણ કોઈ નાના કારોબાર સાથે જોડાયેલા છો તો આપને કોઈ પણ કિંમતમાં કમજોર કેશ ફ્લોથી બચવાની જરૂર છે. જો કે ખર્ચ કરવાની બાબત સરળ હોતી નથી. કયા ખર્ચ જરૂરી છે અને કયા ખર્ચ જરૂરી નથી તે બાબત પર ધ્યાન આપીને ખર્ચ પર બ્રેક મુકી શકાય છે. જરૂરી ખર્ચના કારણે પૈસા કમાવવામાં આવે છે જ્યારે બિનજરૂરી ખર્ચના કારણે નાણાંનો બગાડ થાય છે. જેથી બિઝનેસ શરૂ કરવાની સાથે જ આપને આ બાબત જાણી લેવાની જરૂર હોય છે કે આપના કંપનીનો ખર્ચ કઈ રીતે વધી શકે છે. બિનજરૂરી ખર્ચને ઘટાડીને સરળતાથી નફાની દિશામાં આગળ વધી શકાય છે. મોટા સર્વિસ પ્રોવાઈડર્સ હમેંશા નાના કારોબારને એજ ચીજનો ઉપયોગ કરવાની ફરજ પડે છે જે તે ઓફર કરે છે. જ્યારે સામાન લોકલ ઓપ્શન પોતાની સર્વિસ માં આપની જરૂરિયાત મુજબ બદલાવ લાવી દે છે. જેથી જે મોટી કંપની સાથે આપની ડિલિંગ છે તેમની યાદી તૈયાર કરવાની જરૂર હોય છે.

યાદી તૈયાર કરવામાં આવ્યા બાદ લોકલ કંપનીની લિસ્ટિંગ સાથે મેચ કરવામાં આવે તે જરૂરી છે. આના કારણે પણ લાભ થઈ શકે છે. શુ આપની ઓફિસમાં ક્લાઈન્ટ નિયમિત રીતે આવે છે. જો નહીં તો ઓફિસને એ જગ્યાએ રાખવી જોઈએ જ્યાં ભાડુ ઓછુ હોય છે અને ખર્ચ ઘટી શકે છે. એટલે કે કોઈ પ્રાઈમ સ્થળના બદલે થોડીક ઓછી પ્રાઈમ જગ્યાએ ઓફિસ રાખી શકાય છે. કંપનીના ખર્ચને કાબુમાં લેવા માટે આ બાબત ખુબ ઉપયોગી હોય છે. પોતાના કર્મચારીને વર્ક ફ્રોમ હો અથવા તો રિમોટ વર્કની સુવિધા પણ આપી શકાય છે. ઓફિસ નાની હોવાથી ભાડુ ઓછુ રહેશે. વીજળી, પાણી અને અન્ય ખર્ચ પર પણ બ્રેક મુકી શકાશે. તમામ બાબતોને ધ્યાનમાં લઈને આગળ વધવુ જોઈએ.



### નવી ચર્ચા :ત્રાસવાદને રોકવા માટે કેટલાક અન્ય વિકલ્પ છે

**ત્રાસવાદી હુમલા બાદ કેટલીક બાબતો નક્કરપણે સપાટી પર આવી છે જેના તરફ ધ્યાન આપવામાં આવે તો કેટલાક અંશે ત્રાસવાદીઓને અને ત્રાસવાદી હુમલાને રોકી શકાય છે**

# સરહદે ખાસ વસવાટ ગોઠવી શકાય

**ઘુસણખોરી માટે સૌથી સરળ રસ્તો અંકુશ રેખા અથવા તો એલઓસી છે : કલમ ૩૭૦ને નાબુદ કર્યા બાદ ત્રાસવાદનો ખાતમો સરળ રીતે થઇ શકે**

દેશમાં જ્યારે પણ કોઈ ભીષણ ત્રાસવાદી હુમલા થાય છે ત્યારે કેટલીક નવી બાબત સપાટી પર આવે છે અને ત્રાસવાદી હુમલાને રોકવા માટે ક્યા પગલા લેવામાં આવે તેને લઈને ચર્ચા છેડાઈ જાય છે. હવે જ્યારે જમ્મુ કાશ્મીરમાં સતત નવા નવા ત્રાસવાદી હુમલા થઈ રહ્યા છે ત્યારે ઘુસણખોરીને રોકવા માટે કયા પગલા લેવામાં આવે તેની ચર્ચા છેડાઈ ગઈ છે. ત્રાસવાદી હુમલા બાદ કેટલીક બાબતો નક્કરપણે સપાટી પર આવી છે. જેના તરફ ધ્યાન આપવામાં આવે તો કેટલાક અંશે ત્રાસવાદીઓને અને ત્રાસવાદી હુમલાને રોકી શકાય છે.

આ દિશામાં વિચારણા ચોક્કસપણે ચાલી રહી છે. આ તો નક્કર વાસ્તવિકતા છે કે તમામ ત્રાસવાદીઓ એલઓસી મારફતે જ આવે છે. સરહદ પર તો ખુબ મજબુત સુરક્ષા વ્યવસ્થા છે. બેરિકેડિંગ પણ છે. જેથી ત્યાંથી ઘુસણખોરીથી ખુબ મુશ્કેલ છે. ઘુસણખોરી માટે સૌથી સરળ રસ્તો અંકુશ રેખા અથવા તો એલઓસી છે. કલમ ૩૭૦ને નાબુદ કરી દેવામાં આવ્યા બાદ સરહદ પર એવી વસવાટ સ્થાપિત કરવામાં આવે જે કેટલાક અંશે સાવધાન રહેતી હોય સાથે સાથે ઘુસણખોરીને રોકવા માટે સક્ષમ પણ હોય. દાખલા તરીકે સરહદ પર સેવામાંથી નિવૃત થયેલા લોકોને વસાવી દેવા જોઈએ. જે નાની વયમાં નિવૃત થયા છે તે જવાનોને સૌથી પહેલા તૈનાત કરી દેવા જોઈએ. આખરે કાશ્મીર ભારતનો હિસ્સો છે.

કાશ્મીરમાં જઈને બીજા ભારતીય લોકો નહી શકે નહી તેવી કોઈ મજબુરી નથી. તો બીજા લોકો કેમ જઈને ન રહે. બીજા ભારતીય લોકો કાશ્મીરમાં જઈને રહેવા લાગે તેમાં કાંઈ ખોટુ નથી. આખરે પાકિસ્તાન તો અધિકૃત કાશ્મીરમાં મન ફાવે તેવુ કામ કરી રહ્યું છે. તો ભારત પોતાના પગ પર કુહાડી કેમ મારે છે. આખરે ભારતની એવી કેવી મજબુરી છે કે કાશ્મીરીને મુસ્લિમ બહુમતિ સાથેના રાજ્ય તરીકે જ રાખવામાં આવે. હાલના ત્રાસવાદી હુમલા અંગે અમે સીધી રીતે હજુ



સુધી કોઈ વાત કરવાની સ્થિતીમાં નથી. અમારી ગુપ્તચર સંસ્થાઓની ખામી રહી છે કે કેમ તે અંગે વાત કરવી યોગ્ય રહેશે નહી. કારણ કે ભારત-પાકિસ્તાન સરહદ પંજાબ તરફ પણ ખુબ મોટી છે. આ વાત પણ વાસ્તવિક છે કે ગુપ્તચર સંસ્થાએ માહિતી આપી હતી કે ત્રાસવાદી હુમલો થઈ શકે છે. પરંતુ હુમલો ક્યાં થઈ શકે છે અને ક્યારે થશે તે અંગે વાત કરવી યોગ્ય નથી. અમારી સરહદ પર અર્ધલશ્કરી દળ તૈનાત છે. જેમની જવાબદારી તેમના અધિકારીઓના બદલે પોલીસના હાથમાં હોય છે. અર્ધલશ્કરી દળમાં સીધી રીતે નિમણૂક પામેલાની તકોમાં કમી આવવાથી તેમના ટેન્શનમાં વધારો થાય છે. જો કે આવી કોઈ કામી રહી છે કે કેમ તે અંગે વાત કરવી હાલમાં યોગ્ય નથી. અંકુશ રેખા પર યોગ્ય વસવાટ ગોઠવીને કેટલીક સમસ્યાનો તો પોતાની રીતે જ ઉકેલ લાવી શકાય છે. પૂર્વ જવાનોને તેમના પરિવાર સાથે ગોઠવી શકાય છે.

# શિક્ષણ જોકે આજીવિકા અને તેના દ્વારા જરૂરિયાતની પૂર્તિનું સાધન છે

**પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ બનનારા વ્યાવસાયિક ત્રણ-ચાર વર્ષોના પોતાના સેવાકાળમાં પણ પોતાના અનુભવ, જ્ઞાન અને કૌશલ્યથી વિદ્યાર્થીઓના જ્ઞાન અને કૌશલ્યને વધારવામાં બહુ સહાયક થશે**

ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં કુલ સ્વીકૃત શૈક્ષણિક પદોના દસ ટકા સુધી 'પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ'ની નિયુક્તિની યોજના બહુ જ તાર્કિક છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ -૨૦૨૦ અંતર્ગત બનેલી આ યોજના જ્ઞાન, અનુભવ અને કૌશલ્યની મહત્તા આપ નારી છે. એન્જિનિયરિંગ, વિજ્ઞાન, મીડિયા, સાહિત્ય, ઉદ્યમ, સમાજ વિજ્ઞાન, લલિત કલા, નાગરિક સેવા અને સૈન્ય દળોના વ્યાવસાયિક જ્યારે પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ નિયુક્ત કરાશે તો જ્ઞાનનું વિઉપનિવેશીકરણ થશે. ૧૯મી સદીમાં મેકોલીની શિક્ષણ નીતિએ જ્ઞાનનું સંસ્થાનીકરણ કરી તેને પશ્ચિમમુખી બનાવી દેવામાં આવ્યું હતું અને જ્ઞાનના બિનયુરોપીય સ્રોતની અવગણના કરવામાં આવી હતી. ભારતમાં જ્ઞાનના એ સ્રોત બહુ પહેલેથી જ વિદ્યમાન છે. ભારતની જ્ઞાન પ્રણાલીની અવગણના કરીને ભારતમાં બ્રિટિશ રાજ અને તેની શિક્ષણ નીતિનો વિસ્તાર થયો.

અંગ્રેજી શાસનની ભારતીય કલા સંપદા પર કેવી વક્ર દૃષ્ટિ હતી, તેને સખારામ ગણેશ દેઉસ્કરે ૧૯૦૪માં પ્રકાશિત પોતાના પુસ્તક 'દેશેર કથા'માં પ્રમાણો સહિત પ્રસ્તુત કરી છે. તેમણે તેનું વિસ્તારથી વર્ણન કર્યું છે કે અંગ્રેજ વેપારીઓ કઈ રીતે ભારતીય હસ્તકલા અને શિલ્પના અસાધારણ કલાકારો પર પોતાના સ્વાર્થની પૂર્તિ માટે અયોગ્ય દબાણ કરતા હતા અને અવજ્ઞા કરાતાં તેમના અંગૂઠા કે હાથ જ કાપી લેતા હતા. વિભિન્ન ક્ષેત્રોમાં એવી અસાધારણ પ્રતિભા હજુ પણ વિદ્યમાન છે. દેશના વિભિન્ન હિસ્સામાં વિભિન્ન આદિવાસી સમૂહ આજે પણ ખજૂરનાં પાંદડાં, ઘાસ, પથ્થર, લાકડીથી બનેલ દૈનિક ઉપયોગ અને



સજાવટની ચીજો એટલી કલાત્મક રીતે બનાવે છે કે તેમનું ઉન્નત હસ્તશિલ્પ ચકિત કરી દે છે. ભારતીય ચિત્રકલાના બે મુખ્ય પ્રકાર છે. એક, જે પ્રાચીન કાળથી ગામડાંમાં છે. બીજી, આધુનિક કલા. પ્રાચીન કાળથી ચાલી આવતી લોક કલા સામાન્ય જીવનના અનુભવો અને પ્રયોજનો વચ્ચે વિકસિત થતી ગઈ છે. ભારતના સુદૂર ગામડાંમાં દીવાલો પર, કપડા પર એકથી એક ચડિયાતી નક્શીકામ અને કલા જોઈને કોઈને પણ વિસ્મય થઈ શકે છે. પારંપરિક અને આધુનિક બંને કલાઓનું અલગ મહત્ત્વ છે. બંનેએ પોતપોતાના સામાજિક માળખામાં વિકાસ કર્યો છે. પારંપરિક કલાઓએ ગામડાંમાં અને અકાદમિક કલાએ શહેરોમાં. ભારતના સંદર્ભે બંને સત્ય છે અને બંનેના આઈનામાં કલાનું શિક્ષણ ઉપયોગી બની શકે છે. એવી પ્રતિભાઓ પાસે જ્ઞાન, કૌશલ્ય અને અનુભવનો ખજાનો છે, પરંતુ ઉપેક્ષિત રહી ગઈ છે, તેમને પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ યોજના સાથે જોડવાથી તેમની પ્રતિભાનો યોગ્ય ઉપયોગ થઈ શકશે અને તેમના પ્રશિક્ષણમાં છાત્રોના વ્યવસાયિક કૌશલ્યને નિખારવા અને તેમને સંબંધિત ઉદ્યોગ કે વ્યવસાય અનુસાર ઢાળવામાં મદદ મળશે. આ યોજનાથી અનુભવી, યોગ્ય શિક્ષકો અને વિષય વિશેષજ્ઞોની કમી પણ પૂરી થશે. એવા વ્યવસાયિક જેમની પાસે પીએચડી, નેટ કે ઔપચારિક શિક્ષણ નથી, પરંતુ પોતાના વ્યવસાયમાં ૧૫ વર્ષનો અનુભવ છે, તેમણે પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ રૂપે એક વર્ષથી લઈને વધુમાં વધુ ત્રણ વર્ષ સુધી માટે નિયુક્તિ મળી શકે છે. કોઈ વિશેષ મામલે એક વર્ષનો સેવા વિસ્તાર પણ મળી શકે છે. દેખીતું છે કે પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ બનનારા વ્યાવસાયિક ત્રણ-ચાર વર્ષોના પોતાના સેવાકાળમાં પણ પોતાના અનુભવ, જ્ઞાન અને કૌશલ્યથી વિદ્યાર્થીઓના જ્ઞાન અને કૌશલ્યને વધારવામાં બહુ સહાયક થશે. મહાત્મા ગાંધી પણ આ જ કૌશલ્યના તરફદાર હતા. ગાંધીજી ઈચ્છતા હતા કે બાળકો હાથથી લખવાનું શીખતાં પહેલાં ઓજાર ચલાવવાનું શીખે. તેમના માટે 'હાથની તાલીમ'નો મતલબ એ હતો કે વિદ્યાર્થી એવી વસ્તુઓ બનાવે જે બજારમાં વેચી શકાય.

